અરવલ્લીમાં સામુહિક આત્મહત્યાથી ખળભળાટ

મોડાસાના ગાજણમાં ૩૨ વર્ષીય ક્ષત્રીય યુવકે પત્ની અને બે બાળકો સાથે ગળેફાંસો ખાઈ લેતા ચકચાર

કોરોનાના કપરા સમયમાં લોકોની હાલત દયનિય બની રહી છે બીજીબાજુ સતત કુદરતના બેવડા મારથી ખેડૂતોની હાલત કફોડી બની છે અરવલ્લી જીલ્લાના મોડાસા શહેરના એક નામાંકીત પરિવારે ઉદેપુરમાં ઝેરી દવા ગટગટાવી સામુહિક આત્મહત્યાની ઘટનાને હજુ તો લોકોના માનસપટ પરથી ભૂંસાઈ નથી ત્યારે મોડાસાના ગાજણ ગામના ખેડૂત પરિવારના યુવાન પુત્રએ આર્થિક સંકડામણના લીધે તેની પત્ની બે નાના સંતાનો સાથે ગામના ડુંગરમાં આવેલ તળાવમાં પહોંચી ઝાડ સાથે ગળેફાંસો લગાવી સામુહિક આત્મહત્યા કરી લેતા ખેડૂત પરિવાર પર આભ તૂટી પડ્યું હતું સામુહિક આત્મહત્યાની ઘટનાના પગલે લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા યુવાન ખેડૂત યુવાને પરિવાર સાથે આત્મહત્યા કરી લેતા મોડાસા રૂરલ પોલીસ સહીત જિલ્લા પોલીસનીનો ઘટના સ્થળે પહોંચી હતી. હત્યા કે આત્મહત્યાના સહીત તરહ તરહની ચર્ચાઓ વચ્ચે પોલીસે સઘન તપાસ હાથ ધરાઈ છે.

૩૧ ડિસેમ્બરે રાત્રીના રાત્રીના ૧૦ વાગ્યા પછી ગાજણ ગામે રામદેવપીર ફળી વિસ્તારમાં રહેતો ૩૨ વર્ષીય ખેડૂત કાળુસિંહ પરમાર તેમના પત્ની જયોતિકાબેન અને પુત્ર મયંક (ઉ.વ.૭) અને ટેડીયો (ઉ.વ.૫) ઘરેથી ગુમ થઇ જતા ભારે ચકચાર મચી હતી આ અંગે યુવકના પિતાએ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં તેમનો પુત્ર પરિવાર સાથે ગુમ થઇ ગયો હોવાની જાણ કરી હતી યુવકના પરિવારજનો અને સગા-સબંધીઓ એ સંભવીત તમામ સ્થળોએ ગુમ પરિવારની શોધખોળ આદરી હતી ત્યાંજ ત્રણ દિવસથી અચાનક ગૂમ થઈ ગયેલ આ ખેડૂત દંપતી અને તેના બે પુત્રો શનિવારની માંડી સાંજે ગાજણ ગામના ડુંગરમાં આવેલા તળાવ નજીક ખરાબાના એક ઝાડ ઉપરથી ગળે ફાંસો ખાધેલ હાલતમાં લટકતી મળી આવતા આવતાં ભારે ચકચાર મચી હતી.

આ ઘટના અંગે મોડાસા ગ્રામ્ય પોલીસને જાણ કરાતાં પોલીસની ટીમ ઘટના સ્થળે દોડી પહોંચી હતી. અને એક ઝાડ ઉપર જુદી બે દોરીમાં લટકતા ૪ મૃતદેહોને જોઈ ઘટનાની ગંભીરતા ધ્યાને લઈ પોલીસના ઉચ્ચ અધિકારીને જાણ કરાઈ હતી. જાણ થતાં જિલ્લાના ડીવાયએસપી ભરત બસીયા,એલસીબી પોલીસ સહીત અન્ય વિવિધ એજન્સી ઘટનાસ્થળે પહોંચી અને જરુરી કાર્યવાહી હાથ ધરાઈ હતી.હાલ મોડાસા રૂરલ પોલીસે યુવક ખેડૂત દંપતી અને બે માસુમ બાળકોના મૃતદેહને પીએમ માટે મોકલી આપી યુવકની પિતાની જાહેરાતના આધારે આત્મહત્યાનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

ગાજણ ગામે યુવાન ખેડૂત યુવકે પરિવારના બે નિર્દોષ માસુમ તેમજ પતિ, પત્ની એ આત્મહત્યા કરી લેતાં સામુહિક આત્મહત્યાની રુંવાડા ઉભા કરી દીધા હતા આર્થિક સંકડામણ ને લઈ આ પરિવારે સામુહિક આત્મહત્યા કરી લીધી હોવાની લોકમુખે ચર્ચાઈ રહ્યું છે

ગ્રામ્ય પોલીસ અસામાજિક તત્વોના ઘૂંટણિયે..!!

ફરિયાદ લેવા પીડીત કરગર્યા : કુડોલ ઘાંટામાં યુવક હુમલો કરી પીડિત પરિવારને ફોન કરી કહ્યું, તારા ભાઈને પાડી દીધો છે, લઇ જા

અરવલ્લી જિલ્લામાં ગ્રામ્ય પોલીસની હદમાં કાયદો વ્યવસ્થા જાણે કથળી હોય તેવું લાગી રહ્યું છે. મોડાસા તાલુકાના

કુડોલ ઘાંટા પંથકમાં અસામાજિક તત્વો પોલીસને લલકારતા હોય તેવી રીતે જીવલેણ હુમલાની ઘટનાને અંજામ આપી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. અસામાજિક તત્વોના ટોળાએ પાંચ જેટલા લોકો પર જીવલેણ હુમલો કર્યો છે, જેમાં એક વ્યક્તિ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો છે, એટલું જ નહીં એક જ પરિવારના ત્રણ લોકો અસામાજિક તત્વોનો ભોગ બન્યા છે, પણ પોલીસે કલાકો સુધી ફરિયાદ લેવામાં જાણે કેમ રસ ન દાખવ્યો તે એક સવાલ ઊઠ્યો હતો આખરે પીડીત પરિવાર અસામાજીક તત્ત્વો સામે ફરિયાદ કરવા કટિબદ્ધ હોવાથી ૧૬ હુમલાખોરો સામે ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પીડિત પરિવારના જણાવ્યા મુજબ મયુરકુમાર મુળજીભાઈ કટારા જઈ રહ્યા હતા, ત્યારે ગુરૂવારે સાંજે સાત વાગ્યાના અસરામાં અસામાજિક તત્વોના ટોળાએ હુમલો કર્યો હતો, હુમલાખોરોએ લોખંડ તેમજ કુહાળીથી હુમલો કર્યો હોવાનો પરિવારજનોએ જણાવ્યું હતું, ત્યારબાદ ઈજાગ્રસ્ત વ્યક્તિને રોડ પર ફેંકની હુમલાખોરોએ ફોન કરીને પરિવારજનોને માહિતી આપી. ઈજાગ્રસ્ત હાલતમાં પરિવારજનોએ તાત્કાલિક મોડાસા ખાતે દાખલ કરવા માટેની કવાયત હાથ ધરી, ત્યારબાદ ભોગ બનનારના ભાઈ પર ટોળાએ હુમલો કરી દીધો. હુમલાખોરોએ ઈજાગ્રસ્ત યુવક પાસેથી રોકડ નાણાં, સોનાની ચેન સહિત બાઈક પર લઈ લીધુ હોવાનો પરિવારજનોએ આક્ષેપ કર્યો છે. આ સમગ્ર ઘટનામાં યુવકની માતાને હાથના ભાગે અને પગના ભાગે માર મારવામાં આવ્યો હોવાનું પરિવારજનોએ જણાવ્યું હતું. ગત અદાવત રાખીને હુમલાખોરોએ આ પ્રકારની ઘટનાને અંજામ આપી પોલીસને પણ ચેલેન્જ આપી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. ઘટનાને પગલે શુક્રવાર બપોરે ૧૨ વાગ્યે પીડિત પરિવારો મોડાસા ગ્રામ્ય પોલિસ મથકે ફરિયાદ કરવા માટે પહોંચી ગયા હતા, જો કે પોલીસની ઢીલી નીતિનો ભોગ આ પરિવારો બન્યા હતા, અને સાંજ ૭ વાગ્યા સુધી ફરિયાદ ન લેવાઈ હોવાનું પરિવારજનોએ જણાવ્યું હતું.

કુડોલ ઘાંટા ગામે થોડાક દિવસો પહેલા હત્યાની એક ઘટના ઘટી હતી, ત્યાં તો ફરી એક જ પરિવારના બે યુવકો તેમજ માતા પર થયેલા હુમલાને લઈને પિતાની આંખોમાં રોષ જોવા મળ્યો હતો. ગ્રામ્ય પોલીસ ગ્રામિણ વિસ્તારના લોકોની લાગણી જરાય સમજતી ન હોય તેવી સ્પષ્ટ લાગ્યું હતું.

કોણ છે હુમલાખોર ૧૬ આરોપીઓ

રમેશ સળું ડામોર, લક્ષ્મણ સળું ડામોર, મદન શાંતિલાલ તરાળ, જીજ્ઞેશ શાંતિલાલ તરાળ, શાંતિલાલ કમજી તરાળ, કલ્પીતાબેન રમેશ ડામોર, વાયલાબેન રમેશ ખરાડી, સુભાષ શાંતીલાલ તરાળ, દીલીપ અરવિંદ ખરાડી, નરેશ લક્ષ્મણ ખરાડી, જગદીશ ચીમન ખરાડી, અનીલ જયંતી ખરાડી, કાંતી સળું ખરાડી, કીરીટ પુંજા ખરાડી, નરેશ ખરાડીનો પુત્ર (તમામ રહે. કુડોલ ઘાંટા)અને નવનીત રમેશ ગેલાત (રહે, ધરોલા,મેઘરજ)

હુમલાખોરોએ ચલાવી લૂંટ!

કુડોલ ઘાંટા પંથકમાં અસામાજિક તત્વો આ પ્રકારની ઘટનાને અજામ આપીને લૂંટ ચલાવી હોવાનો પરિવારજનોએ આક્ષેપ કર્યો હતો, તેમની પાસે રહેલા રોકડ નાણાં, સોનાની ચેન તેમજ બાઈક લઈ ગયા હોવાનું જણાવ્યું હતું.

ગ્રામ્ય પોલીસની ઢીલી નિતી સામે રોષ

મોડાસા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં બનતી ઘટનાઓને પગલે અનેક સવાલો ઉભા થઈ રહ્યા છે, ત્યારે કુડોલ ઘાંટા ગામે બનેલી ઘટનામાં ગુરૂવાર સાંજે બનેલી ઘટના અંગે શુક્રવાર સાંજે પોલીસે આ બાબતે થોડુક ધ્યાન આપ્યું, પીડિત પરિવારો પોલીસને આજીજી કરતા રહ્યા પણ ગ્રામ્ય પોલિસ ફરિયાદ લેવામાં ઢીલી નીતિ અપનાવી હોય તેવો અહેસાસ અનુભવ્યો હતો અને પોલીસની કામગીરી સામે આકોશ છવાયો હતો.

રાજ્યમાં કોરોનાના કેસમાં નવા ૭૪૧ કેસ, પાંચના મૃત્યુ

અત્યાર સુધીમાં કુલ ૯૭૫૯૨૮૦ ટેસ્ટ કરવામાં આવ્યા તેમજ ૨૩૨૭૨૨ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા

ગાંધીનગર, તા. ૨

રાજ્યમાં કોરોના વાયરસના વધતા કહેરને રોકવા માટે રાત્રિ કર્ફ્યૂ અમલમાં છે. મુખ્યમંત્રી વિજયભાઈ રુપાણીએ પહેલી જાન્યુઆરીથી રાત્રિ કર્ફ્યૂનો સમય ૧૦થી ૬ સુધીનો કર્યો છે તો ૨૪ કલાકમાં નવા કેસની સંખ્યા પણ ૮૦૦ની નીચે નોંધાઈ છે. ૨૪ કલાકમાં કોરોનાના વધુ ૭૪૧ નવા દર્દીઓ સાથે જ કોરોનાનો કુલ આંકડો પણ ૨૪૬૫૧૩ થયો છે. જ્યારે રાજ્યમાં દર્દીઓના સ્વસ્થ થવાનો દર પણ ૯૪.૪૧ ટકા થયો છે. ૨૪ કલાકમાં રાજ્યમાં કોરોનાના કુલ ૫૨,૯૮૦ ટેસ્ટ કરવામાં આવ્યાં હતાં. જેથી કુલ ટેસ્ટનો આંકડો પણ ૯૭,૫૯,૨૮૦ થયો છે.

રાજ્યમાં ૭૪૧ નવા દર્દીઓ સામે ૯૨૨ દર્દીઓ સ્વસ્થ થયા છે. જેથી સ્વસ્થ દર્દીઓનો આંકડો પણ ૨૩૨૭૨૨ એ પહોંચ્યો છે. રાજ્યની વસ્તીને ધ્યાનમાં લેતા દસ લાખની વસ્તી સામે પ્રતિ દિવસે ૮૧૫.૦૮ ટેસ્ટ થાય છે. રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૫,૦૪,૭૮૬ વ્યક્તિઓને ક્વોરન્ટીન કરવામાં આવ્યાં છે. જે પૈકી ૫,૦૪,૬૬૩ વ્યક્તિઓ હોમ ક્વોરન્ટીનમાં છે અને ૧૨૩ વ્યક્તિઓને ફેસિલિટી ક્વોરન્ટીનમાં રાખવામાં આવ્યાં છે. આ ઉપરાંત રાજ્યમાં કુલ ૯૪૭૭ એક્ટિવ કેસ છે. જેમાંથી ૬૨ દર્દીઓને વેન્ટિલેટર સપોર્ટ પર રાખવામાં આવ્યાં છે. જ્યારે ૯૪૧૫ની સ્થિતિ સ્ટેબલ છે. રાજ્યમાં કોરોના વાયરસનો કહેર વધી રહ્યો છે ત્યારે આ સ્થિતિમાં ગત ૨૪ કલાકમાં વધુ ૫ દુઃખદ મૃત્યુ નોંધાયા છે. જેમાં અમદાવાદ કોર્પોરેશનમાં ૩, સુરત કોર્પોરેશનમાં ૧, વડોદરામાં ૧ સહિત કુલ ત્રણ લોકોના મોત નિપજ્યા છે. જેથી હવે રાજ્યમાં કુલ મૃત્યુઆંક પણ વધીને ૪૩૧૪ થયો છે.

તલોદ તાલુકાની પ્રજાને ડેપોની જગ્યાએ એસટી સ્ટેન્ડની લોલી પોપ અપાઈ

તલોદ, તા. ૨

તલોદમાં સારી આવક ધરાવતો એસ.ટી. ડેપોને રાજકિય કારણોસર બંધ કરી દઈ પ્રજાજનોને મુસાફરીના વલખા ઉભા કર્યા હતા નારાજગી દુર કરવામાં આવી હતી.

વર્ષો જુની માંગ ડેપોની રહી હતી છતાં નજીકમાં આવી રહેલી ચૂંટણીઓને ધ્યાનમાં લઈ એસ.ટી. સ્ટેન્ડનું લોલીપોપ દેવાયુ છે. જો કે સરકારે પ્રજાજનોની નારાજગી વહોરી લીધી હોય તેવુ ચોમેરથી સાંભળવા મળ્યુ હતુ.

આ ઈ-લોકાર્પણ પ્રસંગે સાંસદ દિપસિંહ રાઠોડ, ધારાસભ્ય

જે બાદ અનેક રજુઆતો અને આંદોલનો ડેપો શરૂ કરવા માટે થઈ રહ્યા હતા જેમાં હાઈકોર્ટના દરવાજા પણ મુસાફરોએ ખખડાવ્યા હતા. પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય ભાજપની જીત થતા ગજેન્દ્રસિંહ પરમાર સઘન પ્રયાસો હાથ ધર્યા હતા જેમાં શુક્રવારના રોજ મુખ્યમંત્રી દ્વારા ડેપોની જગ્યાએ એસ.ટી. ડેપોનું ઈ લોકાર્પણ કરી પ્રજાજનોની ખાનગી મુસાફરો અને નાણાના વ્યય સહન કરતી પ્રજા આ બધુ જાણતી હોવાની ચર્ચાઓ આ સમયે થવા પામી હતી. તલોદમાં સરકારી કચેરીઓ, કોલેજો, નાણાકિય સંસ્થાઓ બેન્કો તેમજ ગુજરાતના બીજા નંબરનું માર્કેટયાર્ડ તલોદમાં હોવાથી મુસાફરી માટે એસ.ટી.ની ખૂબજ જરૂરિયાત છે ત્યારે વિશાળ જગ્યામાં મુસાફરોની સંખ્યા તેમજ સારા રસ્તા હોવા છતા બસસ્ટેન્ડનું લોલીપોપ આપી દઈ ગજેન્દ્રસિંહ પરમાર, પ્રદેશ ઉપાધ્યક્ષ જયસિંહ ચૌહાણ, પૂર્વ ધારાસભ્ય વી.ડી. ઝાલા, માર્કેટયાર્ડ ચેરમેન કલ્પેશભાઈ પટેલ, પાલિકા પ્રમુખ દક્ષાબેન ઝાલા, નાગરીક બેંકના ચેરમેન બંસીલાલ મહેતા, મામલતદાર અગરસિંહ ચૌહાણ, તાલુકા વિકાસ અધિકારી, ચિફ ઓફિસર, બસ સ્ટાફ પરિવાર, કોર્પોરેટરો તેમજ નગરજનોની પાંખી હાજરી આંખે વળગે તેવી જોવા મળી હતી.

જુનાડીસા હાઈસ્કૂલનું ગૌરવ

ડીસા રોટરી કલબ આયોજીત ઓનલાઈન વક્તુત્વ

સ્પર્ધાના માધ્યમિક વિભાગમાં જુનાડીસાની ડી. જે. એન. મહેતા હાઈસ્કુલની વિદ્યાર્થીની પ્રજાપતિ નિકીતાબેન કાંતિભાઈએ પ્રથમ નંબર પ્રાપ્ત કરીને શાળા અને ગામનું નામ રોશન કર્યું છે . શાળા પરિવાર અને શાળાના આચાર્ય પી. વી. મહેતાએ વિદ્યાર્થિની અને શિક્ષક સુમિલભાઈ ઘાસુરાને બિરદાવ્યા હતા.

હિંમતનગર ચાલતી સાબરકાંઠા ચેરીટેબલ ટ્રસ્ટ સંસ્થાને કલેકટરના હસ્તે પ્રશસ્તિપત્ર એનાયત

હિંમતનગર, તા. ૨

સાબરકાંઠા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત માનસિક દિવ્યાંગ બાળકોની સંસ્થા હિંમતનગર દ્વારા કોવિડ-૧૯ મહામારીના સમયમાં લોકડાઉન દરમ્યાન શેલ્ટર હોમ બનાવી કુલ-૧૨૬ શ્રમિકોને ૬૦ દિવસ આશરો આપવામાં આવ્યો હતો. અને તેમની સંપૂર્ણ જીવન જરૂરીયાતની સુવિધા પુરી પાડી ભોજન સાથેની રહેવાની વ્યવસ્થા આપવામાં આવી હતી. તદ ઉપરાત સાબરકાંઠા ચેરીટેબલ ટ્રસ્ટ ધ્વારા હિંમતનગરના સ્લમ વિસ્તારમાં જરૂરીયાતમંદ ગરીબોને કરિયાણાની ૧,૦૦૦(એક હજાર) જેટલી કીટોનુ વિતરણ કરવામાં આવ્યુ હતું.

દહેગામના હાથીજણ અને વટવા ગામની ગણોતધારાની કલમ-૩૨પી હેઠળ કાયમી નિકાલ કરવા અંગે જાહેરનામુ

ગાંધીનગર, તા. ૨

મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા અધિનિયમ-૧૯૪૮ મુજબ ગણોતધારાની કલમ-૩૨-ગ ની તપાસમાં જે ગણોતીયા જમીન ખરીદ કરવાની ના પાડે કે હાજર ન રહે તેવા સંજોગોમાં જમીનની ખરીદી બિનઅમલી જાહેર કરી જમીનનો કબજો સરકાર પક્ષે લઈ જમીનનો ગણોતધારાની કલમ-૩૨-પી હેઠળ કાયમી ધોરણે નિકાલ કરવાના થાય છે. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના હાથીજણ અને વટવા ગામની ગણોતધારાની કલમ-૩૨ પી હેઠળ કાયમી નિકાલ કરવા અંગેનું જાહેરનામું દહેગામ તાલુકાના મામલતદાર અને કૃષિ પંચ દ્વારા બહાર પાડવામાં આવ્યું છે.

મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન નિયમો ૧૯૫૬ નિયમો ૨૧(૧) મુજબ જણાવેલી વ્યક્તિઓ અને મંડળોને જે ગામમાં સંબંધ ધરાવતી જમીન આવી હોઈ તે ગામમાંથી અથવા તે ગામની નજીકના કોઈ ગામમાંથી જેનો ગણોત વહીવટ સમાપ્ત કરેલ હોઈ અને જે જમીન ખરીદવા ખુશી હોઈ ગણોતીયાને. જે સહકારી કૃષિ મંડળીઓના સભ્યો, ખેત મજુરો ભૂમિહીન વ્યક્તિઓ અથવા નાના જમીન ધારણ કરનાર અથવા એ બધામાંથી એકત્ર થયેલી વ્યક્તિઓનો સમૂહ હોય તે સહકારી કૃષિ મંડળીઓને. ખેત મજુરોને, ભુમિહીન વ્યક્તિઓને, નાની જમીન ધારણ કરનારાઓને, જે ખેડૂતો માલિક અથવા ગણોતીયા તરીકે અથવા અંશતઃ માલિક અને અંશતઃ ગણોતીયા તરીકે પોષણક્ષમ જમીન કરતા ઓછી જમીન ધારણ કરતા હોઈ અને કારીગરો હોઈ તે ખેડૂતોને સહકારી કૃષિ મડળીઓને, જે ખેડૂતો માલિક અથવા ગણોતીયા તરીકે અથવા અંશતઃ માલિક અને અંશતઃ ગણોતીયા તરીકે પોષણક્ષમ જમીન કરતા ઓછી જમીન ધારણ કરતા હોઈ અને કારીગરો હોઈ તે ખેડૂતોને. બીજી સહકારી કૃષિ મંડળીઓને, જે ખેડૂતો માલિક અથવા ગણોતીયા તરીકે અથવા અશતઃ માલિક અને અશતઃ ગણોતીયા તરીકે પોષણક્ષમ જમીન કરતા ક્ષેત્રફળમાં વધારે મોટી હોઈ પણ ટોચમર્યાદા વિસ્તાર કરતા ઓછી જમીન ધારણકર્તા હોય તે ખેડૂતોને અને ખેડૂતો સિવાયની ખેતીનો ધંધો કરવા માંગતી હોય તે વ્યક્તિઓને આવી વ્યક્તિ અથવા મંડળી અનુસુચિમાં તેની સામે જણાવેલી કિંમત ખરીદવા માટે ખુશી છે કે કેમ ? તે બાબત કલેકટરને પહેલા લેખિત જણાવવી આવી કિંમત કલમ-૩૨ પી ની પેટા કલમ(૫) મુજબ કલેકટર નક્કી કરે તેવા વાર્ષિક હપ્તાઓમાં ભરવાની થશે. જે અંતર્ગત દહેગામ તાલુકાના હાથીજણ ગામની રી. સર્વે નંબર-૩૮૪, જુનો. સર્વે નંબર- ૧૭૧, ક્ષેત્રફળ હે.આરે.ચો.મી ૦-૩૯-૩૬, આકાર રૂ./પૈસા ૧-૮૦ કલેકટરે નક્કી કરેલ કિંમત ૩૬૦ રૂપિયા છે. તેમજ હાથીજણ ગામની રી. સર્વે નંબર- ૩૮૫, જુનો. સર્વે નંબર-૧૬૭, ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૧-૦૬-૫૧, આકાર રૂ./પૈસા ૫-૫ કલેકટરે નક્કી કરેલ કિંમત ૧૦૧૦ રૂપિયા છે.

ફેમ ઈન્ડિયા મેંગેજીન દ્વારા સર્વેમાં સી.આર. પાટીલ દેશના સૌથી પ્રભાવશાળી સાંસદ

વ્યવહાર કુશળતા શ્રેણીમાં શ્રેષ્ઠ સાંસદ તરીકે કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડાની પસંદગી

ગાંધીનગર, તા. ૨

પ્રદેશ ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે ફેમ ઈન્ડિયા મેગેઝીન અને એશિયા પોસ્ટ એજન્સી દ્વારા દેશભરના સાંસદોમાંથી શ્રેષ્ઠતમ કામગીરી કરતા ૨૫ સાંસદોની પસંદગી માટે વિવિધ માપદંડોથી કરેલા સંયુક્ત સર્વેમાં દેશના સૌથી પ્રભાવશાળી સાંસદ તરીકે ભાજપાના પ્રદેશ અધ્યક્ષ અને નવસારીના લોકપ્રિય સાંસદ સી.આર. પાટીલની પસંદગી કરવામાં આવી છે તેમજ કચ્છના ભાજપાના સાંસદ વિનોદભાઈ ચાવડાની વ્યવહાર કુશળતા શ્રેણીમાં શ્રેષ્ઠ સાંસદ તરીકે પસંદગી કરવામાં આવી છે, જે રાજ્યના ભાજપાના કાર્યકર્તાઓ સહિત સમગ્ર ગુજરાતની જનતા માટે ગૌરવ લેવાની બાબત છે.

અત્રે નોંધનીય બાબત છે કે અલગ અલગ માપદંડોના આધારે પસંદગી પામેલા દેશના ૨૫ શ્રેષ્ઠ સાંસદોની સૂચિમાંથી ૧૭ સાંસદો ભાજપાના છે. આ પરિણામો સ્પષ્ટપણે સૂચવે છે કે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં જનતા માટે કામ કરવામાં ભાજપાના જનપ્રતિનિધિઓ સૌથી આગળ છે, એટલે જ રાજ્ય અને દેશમાં જનતા ભાજપા પર ભરોસો કરીને વિજય અપાવી રહી છે.

પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલે નવસારીના સાંસદ તરીકે કરેલી અભૂતપૂર્વ કામગીરીથી કોઈ અજાણ નથી, ૨૦૦૯થી તેઓ સાંસદ તરીકેની પોતાની જવાબદારીનું સુપેરે નિર્વહન કરી રહ્યા છે. પોતાના સંસદીય ક્ષેત્રના વિકાસ માટે, જનતાના પ્રશ્નોના નિરાકરણ માટે, ડિજિટલ માધ્યમો અને ટેકનોલોજીના ઉપયોગથી વ્યવસ્થાઓને વધુ સુદ્રઢ કરવાના તેમના સફળ પ્રયત્નોના સકારાત્મક પરિણામો નવસારીની જનતાએ પ્રત્યક્ષ અનુભવ્યા છે. સદંતર પોતાના મતક્ષેત્રની જનતા માટે ચિંતિત રહેતા સી.આર. પાટીલને જનતાએ તેમની વિશિષ્ટ કાર્યપદ્ધતિથી સમર્પણના ભાવ સાથે કરેલા જનસેવાના કાર્યોના પરિણામસ્વરૂપે જ ગત લોકસભા ચૂંટણીમાં દેશના ઈતિહાસમાં સૌથી વધુ લીડથી ભવ્ય વિજય અપાવ્યો છે.

વિનામૂલ્યે વેક્સિન...

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવશે. તેમણે કહ્યું કે, પહેલા તબક્કામાં આ ૩ કરોડ લોકોને ફ્રીમાં મળશે. જેમાં ૧ કરોડ હેલ્થકેર વર્કર્સ અને ૨ કરોડ ફ્રન્ટલાઈન વર્કર્સ સામેલ થશે. બાકી પ્રાથમિકતા યાદીમાં સામેલ ૨૭ કરોડ લોકોને જુલાઈ સુધી કેવી રીતે વેક્સીન આપવામાં આવે તે અંગે નિર્ણય લેવામાં આવશે.

જોકે અહીં એક વાત મહત્વપૂર્ણ છે કે તમામ નાગરિકોને કોરોનાની વેક્સીન નહીં આપવામાં આવે. સરકાર પહેલા ઘણીવાર સ્પષ્ટ કરી ચૂકી છે કે તમામ ભારતીયોને વેક્સીનની જરૂર નથી. માત્ર એટલી જ વસ્તીને વેક્સીન આપવામાં આવશે, જેનાથી કોરોના પ્રત્યે હર્ડ ઈમ્યુનિટી વિકસિત થઈ જાય એટલે કે કોરોનાના સંક્રમણની ચેન તૂટી જાય. હવે સ્વાસ્થ્ય મંત્રીએ સ્પષ્ટ કરી દીધું છે કે જેમને પણ કોરોનાની વેક્સીન આપવામાં આવશે, તેમને એક પણ રૂપિયો ચૂકવવાનો નહીં રહે. વેક્સીન કોને અપાશે, તે સરકાર નક્કી કરી રહી છે. પહેલા ચરણમાં ૫૧ લાખ લોકોને વેક્સીનનો ડોઝ આપવામાં આવશે, જેમાં હેલ્થ વર્કર્સ, કોરોના વોરિયર અને ૫૦ વર્ષથી મોટી ઉંમરના લોકો અથવા અન્ય ગંભીર બીમારીથી પીડિત લોકો હશે.

સ્વાસ્થ્ય મંત્રીએ લોકોને અફવાઓ પર ધ્યાન ન આપવાની અપીલ કરી છે. આ પહેલા પ્રધાનમંત્રી મોદીએ પણ વેક્સીનને લઈને અફવાઓથી બચવાની ભલામણ કરી હતી. હર્ષવર્ધને કહ્યું, હું લોકોને અપીલ કરું છું કે અફવાઓ પર ધ્યાન ન આપે. વેક્સીનની સુરક્ષા અને તેની ઉપયોગિતા સુનિશ્ચિત કરવી અમારી પ્રથમ પ્રાથમિકતા છે.

ડૉ. ગુલેરિયાએ જણાવ્યું હતું કે, નિષ્ણાતોની સમિતના અધ્યક્ષ તરીકે અમે પ્રાથમિકતાના ધોરણે રસી આપવા માટે વિવિધ માપદંડો વિકસાવ્યા છે, જે મુજબ પ્રાથમિકતાના ધોરણે કોરોના સામે લડવામાં સૌથી વધુ જોખમ હોય તેવા ડૉક્ટર્સ, નર્સ, પોલીસ સહિત ફ્રન્ટલાઈન વોરિયર્સને પહેલાં કોરોનાની રસી અપાશે. ભારતમાં છથી આઠ મહિનામાં ૩૦ કરોડથી વધુ લોકોને રસી આપવાની સરકારની યોજના છે. ફ્રન્ટલાઈન વોરિયર્સ ઉપરાંત ડાયાબિટીસ, અસાધ્ય બિમારી, શ્વાસોચ્છ્વાસની બીમારી ધરાવતા લોકોને પહેલાં રસી આપવામાં આવશે.

નવા ૧૮ કેસ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરમાંથી આજે ૧૦ થી પણ ઓછા કેસ નોંધાતા તંત્રએ રાહતની લાગણી અનુભવી છે. શહેરમાં આજે સે. ૭ માંથી ૪ કેસ તો સે. ૨ માંથી બે કેસ ઉપરાંત સે. ૨૨ ખાતે, સે. ૩ માંથી કેસ મળી આવેલ છે.

શહેરમાં આજે નોંધાયેલા ૮ કેસમાં ૪ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. આજે સંક્રમિત થનારાઓમાં ફિઝીયોથેરેપીસ્ટ, પ્રોવિડન્ડ ફંડની કચેરીનો ક્લાર્ક, સરસ્વતી શિશુ મંદિરના ટ્રસ્ટીનો સમાવેશ થાય છે.

શહેરમાં આજે વધુ ૧૫ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.